શિયાળામાં શાળાના સમયમાં ફેરફાર કરવાની માંગ સાથે પરિપત્ર જાહેર કરવા DEOને રજૂઆત

# સંચાલકોની મનમાની, વિદ્યાર્થીઓ મોડા પહોંચતા ગેટ બંધ કરતા હોવાના આક્ષેપ

બાળકને શિક્ષણના હકથી વંચિત રાખવું એ નહીં ચલાવી લેવાય લડત આપવામાં આવશે : ભવિન વ્યાસ



( પ્રતિનિધિ ) વડોદરા,તા.2

વડોદરામાં શિયાળામાં સવારની કડકડતી ઠંડીના કારણે વિદ્યાર્થીઓ શાળાએ મોડા પહોંચતા કેટલીક શાળાઓ દ્વારા તેમને પ્રવેશ આપવામાં આવતો નથી. ત્યારે, વિદ્યાર્થીઓના હિતમાં એડવોકેટ ભાવિન વ્યાસ અને સામાજિક કાર્યકર્તા કુમકુમ મજમુદારે જિલ્લા શિક્ષણ અધિકારીને શાળાના સમયમાં ફેરફાર કરવા અને 10 થી 15 મિનિટ મોડા આવતા વિદ્યાર્થીઓને પ્રવેશ આપવા માટે પરિપત્ર જાહેર કરવાની માંગ સાથે રજૂઆત કરવામાં આવી હતી.

વડોદરા શહેર સહિત સમગ્ર રાજ્યમાં ઠંડીનું મોજુ ફરી વળ્યું છે ત્યારે વહેલી સવારે ઠંડીના કારણે કેટલાક વિદ્યાર્થીઓ શાળામાં મોડા પહોંચતા શાળા ના ગેટ બંધ કરી દેવામાં આવે છે અને વિદ્યાર્થીઓને પ્રવેશ આપવામાં આવતો નથી. ત્યારે,આ મામલે વડોદરાના એડવોકેટ ભાવિન વ્યાસ અને કુમકુમ સામાજિક આગેવાન કુમકુમ મજમુદારે જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી ખાતે રજૂઆત કરી હતી. એડવોકેટ ભાવિન વ્યાસે જણાવ્યું હતું કે, શાળા સંચાલકો માફિયા બની ગયા છે. હવે માસુમ બાળકને શિક્ષકના હકથી વંચિત રાખવું એ ગુન્હાહિત કૃત્ય કહેવાય ડોક્ટર ભીમરાવ બાબાસાહેબ આંબેડકર એ આપણા બંધારણના રચયિતા છે, તેમણે શિક્ષાનો હક બાળકોને આપ્યો છે. એ હકથી આ શાળા સંચાલકો બાળકોને કેમ વંચિત રાખે છે ? શિયાળાની ઠંડીમાં બે મિનિટ કે પાંચ મિનિટ કોઈ બાળક મોડું આવે તો ગેટ બંધ કરી દેવામાં આવે છે. આ એક ગુન્હાહિત કૃત્ય છે. માસુમ બાળકોને શિક્ષણથી વંચિત રાખવું એ આપણા બંધારણનું અપમાન છે, બાબાસાહેબનું અપમાન છે. એ નહીં ચાલે અમે ડીઈઓને રજૂઆત કરી છે કે, પરિપત્ર જાહેર કરો અને સંચાલકોને સમજાવી દો, નહીં તો શાળામાં હલ્લાબોલ થશે. 15-20 મિનિટ શિયાળામાં વિદ્યાર્થી મોડું આવે તો એને શિયાળા પૂરતી પરવાનગી આપવી જોઈએ અને એક બે પાંચ મિનિટ માટે ગેટ બંધ કરી માસુમ ભૂલકાઓને શિક્ષણના હકથી વંચિત રાખો છો, એ આ વડોદરા શહેરમાં નહીં ચલાવી લેવાય લડત આપવામાં આવશે.

## બિશ્નોઇ ગેંગના આરોપીના 14 દિવસના રિમાન્ડ મંજૂર

(પ્રતિનિધિ) વડોદરા તા.2

એસએમસીના પોલીસ સબ ઇન્સ્પેક્ટરનું સીટ બેલ્ટ વડે ગળું દબાવીને ભાગવાનો પ્રયાસ કરનાર અશોક બિશ્નોઇ પર પોલીસે ફાયરિંગ પણ કર્યું હતું. આ દરમિયાન ગુજસીટોકના ગુનાના આરોપી અશોક બિશ્નોઇને વડોદરા કોર્ટમાં રજૂ કરાયો હતો. જ્યાં કોર્ટે તેના 14 દિવસના રિમાન્ડ મંજૂર કર્યા છે. 29 ડિસેમ્બરના રોજ આસામના ગુહાટીથી આરોપી અશોક બિશ્નોઇની SMC દ્વારા ધરપકડ કરવામાં આવી હતી. અશોક બિશ્નોઇ ગુનાહિત ઇતિહાસ ધરાવતો અને આંતરરાજ્ય ગેરકાયદેસર પ્રવૃત્તિઓ આચરતી ટોળકીનો મુખ્ય નેતા છે. આરોપીની ધરપકડ માટે 25 હજાર રૂપિયાનું ઇનામ જાહેર કરવામાં આવ્યું હતું.તપાસમાં ખુલ્યું હતું કે, આરોપી ગોવાથી નકલી અને વિદેશી દારૂના વેપારમાં સંકળાયેલો હતો અને ગુજરાતમાં વિદેશી નકલી દારૂનું પરિવહન કરાવતો હતો. તે નકલી આઇડેન્ટિટી કાર્ડના આધારે વિવિધ હોટલોમાં રોકાતો હતો. આરોપીને ઝડપી લેવા માટે SMC દ્વારા યુપી અને લખનઉમાં બે ટીમો પણ દોડાવવામાં આવી હતી.

પારદર્શિતા અને લોકશાહી ઢબે ચૂંટણી પ્રક્રિયા હાથ ધરાશે

# BCA માં ચૂંટણીનો શંખનાદ: 15 ફેબ્રુઆરીએ રવિવારે યોજાશે મતદાન, પ્રણવ અમીને કરી સત્તાવાર જાહેરાત

; સભ્યો અને ક્રિકેટના હિતોને પ્રાધાન્ય અપાશે

(પ્રતિનિધિ) વડોદરા, તા.2

બરોડા ક્રિકેટ એસોસિએશન ની એપેક્સ કાઉન્સિલની એક મહત્વપૂર્ણ બેઠક આજે BCA ઓફિસ ખાતે મળી હતી. આ બેઠકમાં આગામી ચૂંટણી અને વડોદરામાં યોજાનારી આંતરરાષ્ટ્રીય મેચની તૈયારીઓ અંગે પાયાના નિર્ણયો લેવામાં આવ્યા હતા. BCAના પ્રમુખ પ્રણવ અમીને સમિતિના સભ્યો સાથે પરામર્શ કર્યા બાદ જાહેરાત કરી હતી કે, બરોડા ક્રિકેટ એસોસિએશનની આગામી ચૂંટણી 15 ફેબ્રુઆરી 2026, રવિવાર ના રોજ યોજવામાં આવશે. પ્રમુખે ભારપૂર્વક જણાવ્યું હતું કે BCA પારદર્શિતા, શિસ્ત અને લોકશાહી મૂલ્યોને વરેલું છે. આ ચૂંટણી સભ્યો અને બરોડા ક્રિકેટના હિતોને ધ્યાનમાં રાખીને ન્યાયી અને સુગમ રીતે સંપન્ન થશે. આ પ્રસંગે એપેક્સ કાઉન્સિલે BCA ના સિનિયર સિલેક્ટર સંજય હજારેને BCCI ની અમ્પાયરિંગ કમિટીના સભ્ય તરીકે નિમણૂક પામવા બદલ અભિનંદન પાઠવ્યા હતા. આ વડોદરા ક્રિકેટ માટે ગૌરવની ક્ષણ હોવાનું કાઉન્સિલે જણાવ્યું હતું.આગામી ભારત વિરુદ્ધ ઈંગ્લેન્ડ આંતરરાષ્ટ્રીય વન-ડે મેચ માટે ઉત્સાહ ચરમસીમાએ છે. સભ્યોની સુવિધા માટે 7 જાન્યુઆરી 2026 ના રોજ સવારે 10:30 થી સાંજના 5:30 વાગ્યા સુધી મફત પાસનું વિતરણ કરવામાં આવશે.

*વિતરણ સ્થળ: મોતીબાગ ક્રિકેટ ગ્રાઉન્ડ અને સંસ્કૃતિ હોલ, એલેમ્બિક.

*લાભ: દરેક સભ્યને 1+1 મફત હોસ્પિટાલિટી પાસ, BCA કેપ્સ અને રૂટ મેપ્સ આપવામાં આવશે જેથી સ્ટેડિયમમાં પ્રવેશ સરળ રહે.



### મેચની તૈયારીઓ અને સુરક્ષા વ્યવસ્થા

ઉપપ્રમુખ અનંત ઇન્દુલકર અને શીતલ મહેતાએ એપેક્સ કાઉન્સિલને મેચની તૈયારીઓ વિશે વિગતવાર માહિતી આપી હતી. ટિકિટો મિનિટોમાં વેચાઈ જવી એ વડોદરાના ક્રિકેટ પ્રેમનો પુરાવો છે. પ્રેક્ષકોની સુરક્ષા માટે પોલીસ તંત્ર સાથે સંકલન સાધવામાં આવ્યું છે:

- DCP ટ્રાફિક તેજલ પટેલ અને વડોદરા જિલ્લા પોલીસ વડા સુશીલ અગ્રવાલની ટીમના સહયોગની પ્રશંસા કરવામાં આવી.
- **સુરક્ષા પગલાં:** સલામતી જાળી, નિર્ધારિત કાર પાસ, ભીડ વ્યવસ્થાપન માટે કલર કોડિંગ અને 30000 થી વધુ ફિઝિકલ ટિકિટો જેવી વ્યવસ્થાઓ અમલમાં મૂકાશે.

રૂપિયાની લેતીદેતીના મામલે હત્યા કરી હતી

# હત્યા ગુનાના આરોપીના વચગાળાના જામીન નામંજૂર

**આરોપીએ** ઘર પડી જાય તેવુ છે તેવા વિવિધ બહાના આગળ ધરીને અરજી કરી હતી

(પ્રતિનિધિ) વડોદરા, તા.2

હત્યાના ગુનામાં વડોદરા સેન્ટ્રલ જેલમાં સજા કાપી રહેલા આરોપીએ જેલમાંથી 30 દિવસના વચગાળાના જામીન પર મુક્ત થવા માટે વિવિધ બહાના હેઠળ જામીન અરજી કરી હતી. જે જામીન અરજી મેજિસ્ટ્રેટ દ્વારા નામંજૂર કરવા માટેનો હુકમ કર્યો છે. વડોદરા જિલ્લાના સેવાસી કેનાલ રોડ પર આવેલી ગ્યાન કુંજ સોસાયટીમાં રહેતા પ્રવિણભાઈ જેનુભાઈ માલીવાડ, ભરત જેનુભાઈ માલીવાડ (રહે. ગુણવંતિપાર્ક, પંચામૃતની બાજુમાં, ગોત્રી રોડ, ટી બી હોસ્ટપીટલની પાછળ વડોદ) એ જમીન ગીરો લેવા તેમજ ધંધા માટે કરણ અમીનના પિતા હરીશભાઇ પાસેથી રૂ.21 લાખ તથા રૂ.70 લાખ રૂ.91 લાખ લીધા હતા. તેઓએ હરીશભાઇ પિતાજીને પરત રૂપિયા આપવા ના પડે તેના માટે બંને જણા તથા લક્ષ્મીબેન માલીવાડે ભેગા મળીને તેમના પિતાને મારી નાખવાનું કાવતરું રચ્યું હતું. તેમના ઓળખીતા સોમા પર્વત બારિયા ને તે કામ કરવા માટે રૂ.20 લાખ આપવાનું જણાવી તેને બીજા બે માણસો લઈ આવવાનું કહેતા સોમા બારિયા તેના સુખરામ ઉર્ફે સુખી શંભુભાઈ ડામોર તથા સુનીલ રમેશ બારીયાને તેમના વતનમાંથી બોલાવી લાવતા આ લોકોએ કરણભાઇના પિતાની હત્યા કરી નાખી હતી. આ ગુનામાં ભરત માલિવાડ હાલમાં સજા કાપી રહ્યો છે. ત્યારે ત્યારે આરોપી વકીલ મારફતે સંતાનો અભ્યાસ,વૃદ્ધ માતા પિતાની સારવાર તથા ઘર ગમે ત્યારે પડી જાય તેવી સ્થિતિમાં હોય તેને રિપેરિંગ કામ જરૂરી છે તેવા વિવિધ બહાન આગળ ધરીને કોર્ટમાં વકીલ મારફતે 30 દિવસના વચગાળાના જામીન મેળવવા માટે અરજી કરાવી હતી. પરંતુ આરોપી તથા સરકારી વકીલ દ્વારા કરાયેલી દલીલોને ધ્યાનમાં રાખીને આઠમાં એડિશ્નલ સેશન્સ જજ ડી કે સોની દ્વારા તમામ દલીલો સાંભળ્યાં બાદ આરોપીના ગચગાળાના જામીન નામંજૂર કરવા માટનો હુકમ કર્યો છે.

એસ.ટી., આરટીઓ અને પોલીસની સંયુક્ત ચેકીંગ ડ્રાઇવ

# 88 વાહનો ડીટેન કરવામાં આવ્યા સાથે કુલ 2.43 લાખનો દંડ વસૂલાયો

પેસેન્જર સલામતી અને ટ્રાફિક નિયમોના પાલન માટે આવી ચેકીંગ ડ્રાઈવ્સ ચાલુ રાખવામાં આવશે તેવુ તંત્ર દ્વારા જણાવાયુ

**112** વાહનચાલકોને આરટીઓ અને પોલીસ દ્વારા મેમો આપવામાં આવ્યો



(પ્રતિનિધિ ) વડોદરા, તા. 2

ગુજરાત રાજ્ય માર્ગ વાહનવ્યવહાર નિગમ (એસ.ટી.) ના વડોદરા વિભાગે આરટીઓ (RTO) અને પોલીસને સાથે રાખીને છેલ્લા એક મહિનામાં સઘન ચેકીંગ ડ્રાઈવ હાથ ધરી હતી, જેમાં નિયમોનું ઉલ્લંઘન કરનારા કુલ 88 વાહનોને ડીટેઈન કરવામાં આવ્યા હતા અને 266 વાહનચાલકોને મેમો ફટકારવામાં આવ્યા હતા. આ ડ્રાઈવ દરમિયાન કુલ રૂ. 2,43,500 નો દંડ વસૂલવામાં આવ્યો હતો.

વડોદરા એસ.ટી. વિભાગની શાખા, વડોદરા આરટીઓ અને પોલીસ દ્વારા ગત ડિસેમ્બર મહિનામાં સંયુક્ત રીતે 'સી.ઓ. ચેકીંગ ડ્રાઈવ'નું આયોજન કરવામાં આવ્યું હતું.

પરમીટ ભંગ અને નિયમોના ઉલ્લંઘન બદલ કાર્યવાહી. આ સંયુક્ત ડ્રાઈવ અંતર્ગત વડોદરા અને છોટાઉદેપુર જિલ્લામાં વિવિધ સ્થળોએ ચેકીંગ હાથ ધરવામાં આવ્યું હતું. પરમીટ ભંગ કરીને પેસેન્જરોનું વહન કરતા તેમજ અન્ય નિયમોનું ઉલ્લંઘન કરતા કુલ 55 વાહનોને ડીટેઈન કરવામાં આવ્યા હતા.

આ ઉપરાંત, 154 વાહનચાલકોને મેમો ફટકારવામાં આવ્યા હતા. નિયમોના ઉલ્લંઘન બદલ વાહનચાલકો પાસેથી રૂ. 1.87 લાખના દંડની વસૂલાત કરવામાં આવી હતી.નો-પાર્કિંગ ઝોનના ભંગ બદલ પણ કડક કાર્યવાહી કરવામાં આવી હતી. એસ.ટી. ડેપોની આસપાસના વિસ્તારોમાં 'નો-પાર્કિંગ ઝોન'નું ઉલ્લંઘન કરીને વાહનો ઊભા રાખનારાઓ સામે પણ કડક કાર્યવાહી કરવામાં આવી હતી. નો-પાર્કિંગ ઝોનનો ભંગ કરનારા 33 વાહનોને ડીટેઈન કરવામાં આવ્યા હતા.

112 વાહનચાલકોને આરટીઓ અને પોલીસ દ્વારા મેમો આપવામાં આવ્યો હતો. નો-પાર્કિંગ ઝોનના ભંગ બદલ વાહનધારકો પાસેથી રૂ. 65,500 નો દંડ વસૂલવામાં આવ્યો હતો. એસ.ટી. તંત્ર દ્વારા આગામી સમયમાં પણ પેસેન્જર સલામતી અને ટ્રાફિક નિયમોના પાલન માટે આવી ચેકીંગ ડ્રાઈવ્સ ચાલુ રાખવામાં આવશે, તેમ સૂત્રોએ જણાવ્યું હતું.

દુકાન પર રૂપીયા 500ના છુટ્ટાને લઈ ઝઘડો

# છાણી વિસ્તારમાં મહિલા પર દુકાનદાર પરિવારનો હુમલો

( પ્રતિનિધિ) વડોદરા તા.2

છાણી વિસ્તારમાં આવેલી પ્રોવિઝન સ્ટોર ની દુકાન પર મહિલા વેફર લેવા માટે ગઈ હતી. ત્યારે મહિલાએ દુકાનદાર મહિલાને 500 ની નોટ આપતા છુટ્ટા ન હોય ઝઘડો થયો હતો. જેમાં દુકાનદાર મહિલા તેના પતિ અને પુત્ર એ ગ્રાહક મહિલાને માર્યા બાદ માથામાં સ્ટીલની પાઈપથી ફટકો મારી દીધો હતો. જેથી લોહી લુહાણ મહિલાને સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં ખસેડાઈ હતી. ઈજાગ્રસ્ત મહિલાએ છાણી પોલીસ સ્ટેશનમાં હુમલાખોર દંપતિ અને તેમના પુત્ર વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે. મૂળ ઉત્તર પ્રદેશના અને હાલમાં છાણી વિસ્તારમાં આવેલી મારુતિ હાઈટ સોસાયટીમાં રહેતા અલકાબેન શિવાનંદ રાયે ફરિયાદ નોંધાવી છે હું છેલ્લા ચાર મહિના થી ટ્યુશન કલાસીસ ચલાવું છું. ગઈ 30 ડિસેમ્બર ના રોજ આશરે બપોરના અઢી વાગ્યાની આસપાસ હું મારી દિકરીને લઈ છાણી ખાતે આવેલ રાધેકૃષ્ણ જનરલ સ્ટોર પર વેફર લેવા માટે ગઈ હતી અને ત્યાથી બે વેફરના પેકેટ લીધેલ અને મે દુકાનદાર ગૌરીબેનને 500 રૂપિયાની નોટ આપી હતો. જેથી, તેઓએ તેમની પાસે છુટા ના હોવાનું જણાવેલ અને મારા પર ગુસ્સે થઈ છુટા ના હોય તો કેમ લેવા માટે આવી જાવ છો અને પેકેટ કેમ લીધા છે તો મે આ દુકાનદાર બહેનને કહેલ કે તમે મારી સાથે આવી અસભ્ય રીતે વાત કેમ કરો છો. આમ કહી હું પેકેટ પાછા આપી ચાલવા લાગી હતી તો પાછળથી ગૌરી બહેન તેમના પતિ અને તેમના છોકરા આવેલ અને ગૌરી બહેને મારા વાળ પકડીને મને રોડ પર પાડી દીધા બાદ મને માર માર્યો હતો. ગંદી ગંદી ગાળો આપી અસભ્ય વર્ત ન કરવા લાગેલ અને ગૌરીબહેનના પતિએ મને સ્ટીલની પાઈપ વડે માથાના ભાગે હુમલો કર્યો હતો તેમજ ગૌરીબેનના છોકશ એ મારી પાંચ વર્ષની દિકરી ને ધકો મારીને પાડી દીધેલ જેથી મે પુછ્યુ કે મને મારો છો કેમ તો તેઓએ કહ્યું કે, "તે મને ગાળ આપી એટલે હું દુકાન ચલાવુ છુ તો તુ મને જેમ તેમ ના બોલી શકે. મને માથાના ભાગે ઈજા થયેલ હોય સારવાર માટે સત્યમ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી હતી. છાણી પોલીસે હુમલો કરનાર દંપતી અને પુત્ર વિરુદ્ધ કાર્યવાહી હાથ ધરી છે.

માસિક ધર્મ અને સેનિટરી પેડ્સ અંગેની ગેરસમજો દૂર કરવાના જાગૃતિ કાર્યક્રમ

# ફેકલ્ટીઓફપરફોર્મિંગઆર્ટ્સખાતે સ્ટાર્ટઅપની સફળતા કથા પરિચય

( પ્રતિનિધિ ) વડોદરા,તા.2

મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીની પર્ફોર્મિંગ આર્ટ્સ ફેકલ્ટી ઈન્ટરનલ ક્વોલિટી એશ્યોરન્સ સેલ તથા એનએસએસ યુનિટના સહયોગથી ફેકલ્ટીની સ્થાપનાના 140 વર્ષ અને આચાર્ય પ્રો. સી.સી.મહેતાની 125મી જન્મજયંતિના સ્મરણાર્થે સ્ટાર્ટઅપની સફળતા કથા પરિચય-માસિક ધર્મ અને સેનિટરી પેડ્સ અંગેની ગેરસમજો દૂર કરવાના પ્રયત્નો વિષયક મહત્વપૂર્ણ જાગૃતિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.સ્વસ્થ નારીના સ્થાપક અને મેનેજિંગ ડિરેક્ટર અનુજ રાઠોર મુખ્ય રિસોર્સ પર્સન તરીકે કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા હતા, તેમણે પોતાના સ્ટાર્ટઅપની સફળ યાત્રા સાથે સાથે માસિક ધર્મ અને સેનેટરી પેડ્સ અંગે સમાજમાં રહેલી ગેરસમજો, આરોગ્ય સંબંધિત પડકારો અને મહિલાઓ માટે સુરક્ષિત તથા કલંકમુક્ત સંભાળની આવશ્યકતા પર વિસ્તૃત રીતે માર્ગદર્શન આપ્યું હતું. આ કાર્યક્રમની સાથે રામ કૃષ્ણ મિશન તથા વિવેકાનંદ મેમોરિયલ ઓર્ગેનાઇઝેશન દ્વારા પુસ્તકોનું વિતરણ અને પ્રદર્શન પણ કરવામાં આવ્યું હતું.



અનુજ રાઠોરે હેલ્થી નારીની પ્રેરણાદાયક કહાની રજૂ કરતાં જણાવ્યું કે, 2019 માં એક સામાન્ય પરંતુ અસરકારક અનુભૂતિથી આ ચળવળનો આરંભ થયો, મહિલાઓ વધુ સુરક્ષિત, સ્વસ્થ અને ગૌરવપૂર્ણ સંભાળની હકદાર છે. 2022માં ઉત્પાદન વિકાસ પૂર્ણ થયો, 2023માં વાસ્તવિક વપરાશકર્તાઓ સાથે પરીક્ષણ શરૂ થયું, 2024 માં 600થી વધુ પ્રતિસાદો મેળવી તેને અમલમાં મૂકવામાં આવ્યા અને 2025 માં કંપની તરીકે સત્તાવાર લોન્ચ સાથે હેલ્થી નારી એક બ્રાન્ડથી આગળ વધી એક સામાજિક આંદોલન બની.

કાર્યક્રમ દરમિયાન હેલ્થી નારીને મહિલાઓ માટેનું સુરક્ષિત અને વિશ્વાસપૂર્ણ સ્થાન તરીકે રજૂ કરવામાં આવ્યુ,જ્યાં મહિલાઓ ખુલ્લેઆમ પ્રશ્નો પુછી શકે, આત્મવિશ્વાસથી શીખી શકે અને સંકોચ વિના મદદ મેળવી શકે. માસિક આરોગ્ય, પ્રજનન સ્વાસ્થ્ય, માનસિક સુખાકારી તથા મહિલાના જીવનના દરેક તબક્કાને ગૌરવ, સંવેદના અને સત્યતાથી જોવાની દૃષ્ટિ પર ખાસ ભાર મૂકવામાં આવ્યો.

# કોમર્સમાં એક્સ્ટર્નલ પરીક્ષાના પરિણામો જાહેર કરવામાં વિલંબ

(પ્રતિનિધિ) વડોદરા, તા.2

વિવાદનો પયાર્ય બનતી એમ.એસ. યુનિવર્સીટીમાં 45 દિવસ ઉપરાંતનો સમય છતાં એક્સટર્નલ પરિક્ષાનું પરિણામ જાહેર નહીં કરાતા વિવાદ ઉભો થયો છે. ત્યારે, વિદ્યાર્થી સંગઠન ઓલ ગુજરાત સ્ટુડન્ટ યુનિયન દ્વારા યુનિવર્સીટીની હેડ ઓફિસ ખાતે પરિણામો જાહેર કરવા રજૂઆત કરાઈ હતી.મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીમાં ફરી એકવાર વિવાદ સામે આવ્યો છે. ફેકલ્ટી ઓફ કોમર્સની ટીવાય બીકોમની સેમેસ્ટર 5 અને એસવાય બીકોમ સેમેસ્ટર 3ની એક્સ્ટર્નલ પરીક્ષાના પરિણામો 45 દિવસ વીતી ગયા છતાં પણ જાહેર ન થતા વિદ્યાર્થીઓમાં ભારે રોષ ફેલાયો છે. એક સમયની જગ વિખ્યાત મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી વિવાદનો પર્યાય બનતી જતી હોય તેમ લાગી રહ્યું છે. યુનિવર્સિટીમાં જ્યારે પણ એક્સટર્નલ પરીક્ષા લેવામાં આવે છે. ત્યારે, તેનું પરિણામ સામાન્ય રીતે 45 દિવસની અંદર જાહેર કરવામાં આવતું હતું. પરંતુ આ વખતે ફેકલ્ટી ઓફ કોમર્સમાં યોજાયેલી ટીવાય બીકોમ સેમેસ્ટર પાંચ અને એસવાય બીકોમ સેમેસ્ટર ત્રણની એક્સ્ટર્નલ પરીક્ષા પૂર્ણ થયાને 45 દિવસ વીતી ગયા છતાં પણ પરીક્ષાના પરિણામો અંગે કોઈ સત્તાવાર જાહેરાત કરવામાં આવી નથી. પરિણામ જાહેર ન થતા વિદ્યાર્થીઓમાં ભારે રોષ વ્યાપ્યો છે. ત્યારે, ઓલ ગુજરાત સ્ટુડન્ટ યુનિયનના આગેવાન પંકજ જયસ્વાલની આગેવાનીમા યુનિવર્સિટીની હેડ ઓફિસ ખાતે વિરોધ પ્રદર્શન કરી રજૂઆત કરવામાં આવી હતી અને જણાવવામાં આવ્યું હતું કે, જો આગામી ત્રણ દિવસની અંદર યોગ્ય નિરાકરણ લાવવામાં નહીં આવે તો એજીએસયુ દ્વારા ઉગ્ર આંદોલન કરવામાં આવશે તેવી ચીમકી પણ ઉચ્ચારવામાં આવી હતી.

દુકાન પર રૂપીયા 500ના છુટ્ટાને લઈ ઝઘડો

# ભરૂચના ગ્રાહકનું 6.62 લાખનું વીજબિલ શૂન્ય થયું, કંપનીએ રૂ. 306 ચૂકવવા પડશે

**6,62,484નું** તોતિંગ બિલ ઘટીને સીધું માઈનસ 306.12 થઈ જતાં ગ્રાહકને મોટી રાહત: ગુજરાતમિત્રના અહેવાલે ન્યાય અપાવ્યો

(પ્રતિનિધિ ) ભરૂચ, તા. 2

જૂના ભરૂચ વિસ્તારમાં સ્માર્ટ મીટરના નામે ગ્રાહકને ફટકારવામાં આવેલા 6,62,484 રૂપિયાના તોતિંગ વીજબિલના સમાચાર 'ગુજરાત મિત્ર'માં પ્રસિદ્ધ થતા જ વીજ કંપનીમાં ભારે ફફડાટ વ્યાપી ગયો હતો. અખબારી અહેવાલની ગંભીરતા અને લોકોમાં ઉઠેલા આક્રોશને પારખી ગયેલી DGVCL (દક્ષિણ ગુજરાત વીજ કંપની લિમિટેડ) એ તાબડતોબ એક્શન મોડમાં આવીને પોતાની ભૂલ સુધારી લીધી છે. જે ગ્રાહકને સાડા છ લાખનું બિલ આપી માનસિક તણાવમાં મૂકી દેવાયા હતા, તેમને હવે વીજ કંપનીએ સામેથી 306.12 રૂપિયા આપવાના નીકળ્યા છે. વિગતવાર માહિતી મુજબ, કંસારવાડના રહેવાસી દીક્ષિતભાઈ રાણાના ઘરે સોલાર પેનલ હોવા છતાં સ્માર્ટ મીટર લગાવ્યા બાદ નવેમ્બર માસનું બિલ 6,62,484 જેવી અકલ્પનીય રકમનું આવ્યું હતું. આ સમાચાર મીડિયામાં ચમકતા જ DGVCLના કર્મચારીઓ તાત્કાલિક દીક્ષિતભાઈના ઘરે દોડી આવ્યા હતા. વીજ કંપનીના કર્મચારીએ કબૂલાત કરી હતી કે સ્માર્ટ મીટરની ગણતરીમાં જ ટેકનિકલ ખામી રહી ગઈ હતી. અધિકારીઓએ ગ્રાહકની રૂબરૂ મુલાકાત લઈ દિલસોજી પાઠવી હતી અને સ્થળ પર જ નવું સુધારેલું બિલ બનાવી આપ્યું હતું.

નવા સુધારેલા બિલની ગણતરી મુજબ, દીક્ષિતભાઈનો તમામ ટેક્સ અને ચાર્જ સાથેનો કુલ વપરાશ 1776.30 રૂપિયા થયો હતો. જેની સામે તેમના અગાઉના 30.42 રૂપિયા જમા હતા તે બાદ કરવામાં આવ્યા હતા.

આ ઉપરાંત, તેમના ઘરે લાગેલી સોલાર પેનલ દ્વારા જનરેટ થયેલી અને કંપનીએ ખરીદેલી વીજળીના 2052 રૂપિયા પણ બાદ કરવામાં આવ્યા હતા. આ તમામ ગણતરીના અંતે દીક્ષિતભાઈએ કંપનીને એક પણ રૂપિયો ચૂકવવાનો રહેતો નથી, પરંતુ કંપનીએ ગ્રાહકને -306.12 રૂપિયા આપવાના નીકળ્યા છે. દીક્ષિતભાઈ રાણાએ જણાવ્યું હતું કે, ભૂલની જાણ થતા જ DGVCL-ભરૂચના કર્મચારીઓ જે રીતે મારા ઘરે આવ્યા અને નમ્રતાપૂર્વક માફી માંગી બિલ સુધારી આપ્યું તે ખરેખર સરાહનીય છે.

કંપનીએ ગ્રાહકની મુશ્કેલી સમજીને જે ઝડપે પ્રતિસાદ આપ્યો તેનાથી મારો તંત્ર પરનો વિશ્વાસ પુનઃ સ્થાપિત થયો છે અને અધિકારીઓની આવી કાર્યનિષ્ઠા ખરેખર બિરદાવવા લાયક છે. પરંતુ સ્માર્ટ મીટરમાં આવતી આવી ક્ષતિઓ અન્ય સામાન્ય નાગરિકો માટે જીવલેણ સાબિત થઈ શકે છે. ઉલ્લેખનીય છે કે, આ સમગ્ર ઘટનાએ સ્માર્ટ મીટરની યોજના સામે ફરીથી મોટા પ્રશ્નો ઊભા કર્યા છે. સ્માર્ટ મીટરના નામે પ્રજા પર જે આર્થિક અને માનસિક બોજ નાખવામાં આવી રહ્યો છે તેનો રાજ્યવ્યાપી વિરોધ પણ થઈ રહ્યો છે. સરકારે પણ આવી ટેકનોલોજી જબરદસ્તી ન થોપવી જોઈએ, કારણ કે તેમાં પ્રજાનો અવિશ્વાસ વધી રહ્યો છે.

ધારાસભ્ય જેઠાભાઈ ભરવાડની રજૂઆત રંગ લાવી, ગામોમાં ખુશીનો માહોલ

# પાનમ પંથકના 10 ગામોનો મહીસાગરના ગોધર તાલુકામાં જોડાવાનો વિરોધ સફળ, ફરી શહેરામાં સમાવાયા

(પ્રતિનિધિ) ગોધરા, તા.2

શહેરા તાલુકાના પાનમ વિસ્તારના બો રી યા સહિતના 10 ગામોને મહી સા ગર જિલ્લાના નવનિર્મિત ગોધર તાલુકામાં સમાવવાના નિર્ણયનો અંતે સુખદ અંત આવ્યો છે. લાંબા સમયથી ચાલી રહેલા વિરોધ અને ગ્રામજનોની લાગણીને માન આપી રાજ્ય સરકાર દ્વારા આ દસ ગામોને પુનઃ શહેરા તાલુકામાં જ યથાવત રાખવાનો નિર્ણય લેવાયો છે. આ મહત્વના વહીવટી ફેરફારને પગલે પાનમ પંથકના ગ્રામજનો અને સરપંચોમાં હર્ષની હેલી જોવા મળી રહી છે. પોતાની રજૂઆત સફળ થતા ગ્રામજનોએ આ લડતમાં સહભા ગી બનનાર ધારાસભ્ય જેઠાભાઈ ભરવાડનું ભવ્ય સ્વાગત કરી અભિવાદન કર્યું હતું.

અગાઉ જ્યારે આ ગામોને નવા બનેલા ગોધર તાલુકામાં ભેળવવાની હિલચાલ શરૂ થઈ હતી ત્યારે સ્થાનિક જાગૃત નાગરિકો અને સરપંચોએ તેનો સખત વિરોધ નોંધાવ્યો હતો.



ગ્રામજનોએ આ મામલે ધારાસભ્ય જેઠાભાઈ ભરવાડને રૂબરૂ મળી રજૂઆત કરી હતી કે ભૌગોલિક અને વહીવટી અનુકૂળતા મુજબ આ ગામો શહેરા તાલુકામાં જ રહે તે હિતાવહ છે. ધારાસભ્યએ ગ્રામજનોની રજૂઆતની ગંભીરતાને સમજીને રાજ્ય સરકારમાં આ મુદ્દે ધારદાર રજૂઆત કરી હતી અને ગ્રામજનોનો પક્ષ મજબૂતીથી રાખ્યો હતો. ધારાસભ્યની સક્રિયતા અને ગ્રામીણ સ્તરે થયેલા વિરોધને ધ્યાને રાખી રાજ્ય સરકારે આખરે 10 ગામોને ગોધર તાલુકામાં સમાવવાને બદલે શહેરા તાલુકામાં જ રાખવાનો આદેશ કરતા વિવાદનો ઉકેલ આવ્યો છે. પોતાના ગામો ફરી શહેરા તાલુકાનો હિસ્સો બનતા 10 ગામના સરપંચો અને મોટી સંખ્યામાં ગ્રામજનોએ એકત્ર થઈ જેઠાભાઈ ભરવાડનું ફૂલહાર પહેરાવી સન્માન કર્યું હતું.

## સાગબારાની શાળાના ઉદ્ઘાટનમાં આમંત્રણ ન આપનાર અધિકારીઓનો ચૈતર વસાવાએ ઉધડો લીધો

ભરૂચ : નર્મદા જિલ્લાના સાગબારા ખાતે એકલવ્ય મોડેલ રેસિડેન્સીયલ સ્કૂલના લોકાર્પણ કાર્યક્રમ પ્રસંગે પહોંચી જઈને AAP ધારાસભ્ય ચૈતર વસાવાએ હાજરી આપી. તેમણે ધારાસભ્ય તરીકે પોતાને આમંત્રણ ન આપનાર અધિકારીઓ સહિત કલેક્ટરનો પણ ઉધડો લીધો હતો. ધારાસભ્ય ચૈતર વસાવાએ જણાવ્યું હતું કે 240ની કેપેસિટી વાળી, 16 ક્લાસરૂમ, લેબોરેટરી, લાઇબ્રેરી સહિત તમામ સુવિધાઓથી સજ્જ સંકુલ બનાવવામાં આવ્યું છે.


વડોદરા મહાનગરપાલિકા
www.vmc.gov.in
રસ્તા બંધ/ડાયવર્ઝન માટેની જાહેર નોટીસ

વિશ્વામિત્રી સ્ટેશનથી સન સીટી સર્કલ તરફ નવીન ડ્રેનેજ ગ્રેવીટી લાઈન નાંખવાની કામગીરી માટે ઈજારદાર દ્વારા વાપરવામાં આવનાર હેવી મશીનરીઝ, મજુરો/કારીગરોની હેરફેર, તથા કામ માટેના મટીરીયલ્સ રાખવાની જગ્યાના કારણે વિશ્વામિત્રી સ્ટેશનથી સન સીટી સર્કલ તરફ જતા રસ્તે પ્રમુખ દર્શન સોસાયટી સુધીના રસ્તા પર કેરેજ વેનો કામગીરી વાળો ભાગ કામગીરી પુર્ણ થાય ત્યાં સુધી કામની સ્થળ-સ્થિતિની આવશ્યકતા પ્રમાણે તમામ પ્રકારના વાહન વ્યવહાર માટે બંધ રાખવાની જરૂરીયાત છે. જેના વિકલ્પે અન્ય વૈકલ્પિક રસ્તાઓનો સાવચેતી પૂર્વક વપરાશ કરવાનો રહેશે. સદર કામગીરી વધુ ઉંડાઈની હોવાથી જાહેર જનતાએ બંધ રસ્તાના પ્રતિબંધિત વિસ્તારમાં પ્રવેશ કરવો નહી તેમજ સુરક્ષિત અંતર જાળવી રાખવુ.

ઉપરોક્ત જાહેર નોટિસને અનુસરવા તથા કામગીરીમાં સહકાર આપવા માટે જાહેર જનતાને નમ્ર વિનંતી કરવામાં આવે છે.

પી.આર.ઓ.નં.૧૦૦૬/૨૦૨૫૨-૨૬ ડ્રેનેજ પ્રો. શાખા દ્વારા પ્રકાશિત